



કિરણ ઢોડિયા

# કઠોદરા ગામ ફરી સંપર્કવિહોણું

**કીમ** નદીના રૌદ્ર સ્વરૂપથી પાણી પાણી, શિવસાઈ રેસિડેન્સીમાં 400થી વધુ લોકોનું રેસ્ક્યુ અને સ્થળાંતર

**1800ની** વસતી ધરાવતા કઠોદરામાં ફરી આફત

કીમ: સુરત જિલ્લામાંથી પસાર થતી કીમ નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ઓલપાડ અને માંગરોળ તાલુકાનાં અનેક ગામો અને રહેણાક વિસ્તારોમાં પૂરનાં પાણી ફરી વળ્યા હતા. કીમ, કઠોદરા, કીમામલી, બોલાવ, અણિતા, ઉમરાછી સહિતના અનેક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં હજારો લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. અનેક ઘરો જળમગ્ન થતાં લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.

બીજી તરફ આશરે 1800ની વસતી ધરાવતું કઠોદરા ગામ પણ કીમ નદીના પાણીથી સંપર્કવિહોણું બની ગયું હતું. ગામમાં અનેક સ્થળોએ પાણી ફરી વળતાં સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફસાયેલાં વૃદ્ધો, મહિલાઓ, બાળકો અને અન્ય લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે ઈન્ડિયન આર્મી, એસડીઆરએફ, ફાયર વિભાગ અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવી હતી. કીમ-ઓલપાડ-વડોલીને જોડતો રાજ્ય ધોરી માર્ગ પણ પાણીમાં ગરકાવ થતાં વાહનવ્યવહાર બંધ કરવાની સ્થિતિ સર્જાઈ હતી. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કલેક્ટર તેજસ પરમાર, જિલ્લા પોલીસવડા રાજેશ ગઢિયા સહિતના અધિકારીઓ દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી હતી.



કિરણ ઢોડિયા

### ઝંખવાવમાં તણાઈ જતાં આધેડનું મોત

વાંકલ: માંગરોળના ઝંખવાવ ગામે સ્મશાન પાછળ આવેલ ગુંદીકૂવા રોડ પર ગામના ટાંકી ફળિયામાં રહેતા ૪૬ વર્ષીય મુકેશભાઈ મગનભાઈ ચૌધરી પુલિયા પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અકસ્માતે નીચે વહેતા વોંકળાના પાણીમાં ખાબક્યા હતા. પાણીના તેજ પ્રવાહમાં તણાઈ જવાથી તેમનું ડૂબી જતાં મોત થયું હતું.

### કીમમાં ડીવાયએસપી બી.કે.વનારની આગેવાનીમાં રેસ્ક્યુ કામગીરી કરાઈ

કીમ નદીના રૌદ્ર સ્વરૂપને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિ વચ્ચે ડીવાયએસપી બી.કે.વનારની આગેવાની હેઠળ રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઈ હતી. કીમ પૂર્વની શિવ સાઈ રેસિડેન્સી તેમજ કઠોદરા વિસ્તારમાંથી PI પી.સી.સરવૈયા અને ટીમોએ ભારે પાણીમાં જીવના જોખમે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત 400થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. તંત્ર દ્વારા અસરગ્રસ્તોને ફૂડ પેકેટ સહિતની રાહત સામગ્રી પૂરી પાડવામાં આવી હતી.

### કીમની અમન સોસાયટીમાં એક વર્ષના બાળક સહિત પરિવારનું રેસ્ક્યુ

પૂરની ગંભીર સ્થિતિ વચ્ચે કીમ ગામની અમન સોસાયટીમાં એક વર્ષના બાળક સહિત પરિવાર ફસાઈ ગયો હતો. પરિસ્થિતિ અત્યંત વિકટ બનતાં ડીવાયએસપી બી.કે.વનારની આગેવાની હેઠળ રેસ્ક્યુ ટીમે પરિવારને સુરક્ષિત રીતે બહાર કાઢ્યો હતો.

# બારડોલીમાં સિઝનનો વરસાદ માત્ર એક માસમાં જ પડી ગયો



મેહુલ પટેલ

**ઈતિહાસમાં** પહેલી વખત માત્ર જુલાઈ માસમાં જ આખી સિઝનનો વરસાદ ખાબક્યો

બારડોલી: બારડોલીમાં આ વર્ષે મેઘરાજાએ મન મૂકીને વરસવાનું નક્કી કર્યું હોય તેવું લાગી રહ્યું છે. છેલ્લાં 30 વર્ષના આંકડા પર નજર કરીએ તો બારડોલીનો સરેરાશ વાર્ષિક વરસાદ 1511 મીમી છે. તેની સામે આ વર્ષે માત્ર જુલાઈ મહિનામાં જ 1531 મીમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે. આ આંકડા દર્શાવે છે કે આખા ચોમાસાની સિઝનનો વરસાદ માત્ર એક જ મહિનામાં પૂર્ણ થઈ ગયો છે.

છેલ્લાં બે-ત્રણ વર્ષના આંકડાઓનું વિશ્લેષણ સ્પષ્ટ કરે છે કે ચોમાસામાં વરસાદની ટકાવારી સતત વધી રહી છે. વર્ષ-2015થી 2021 સુધીના સમયગાળામાં 31મી જુલાઈ સુધીમાં નોંધાતો વરસાદ મહદ્અંશે ઓછો અથવા મધ્યમ રહેતો હતો. વર્ષ-2016માં આ આંકડો માત્ર 26.49% અને 2020માં માંડ 289 મીમી રહ્યો હતો. જોકે, વર્ષ-2023 અને 2025ના આંકડા દર્શાવે છે કે જુલાઈ મહિના સુધીમાં જ વરસાદનું પ્રમાણ 90% ની પાર પહોંચી ગયું હતું. આ વર્ષે તો તમામ રેકોર્ડ તોડીને જુલાઈમાં જ 100%થી વધુ વરસાદ ખાબક્યો છે.

બારડોલીમાં બીજા દિવસે સાંજે 6 વાગ્યે પૂરા થતા 24 કલાકના સમયગાળા દરમિયાન બારડોલીમાં કુલ 41 મિમી વરસાદ નોંધાયો છે. વરસાદની સાથે સાથે દિવસ દરમિયાન સતત ઠંડા પવનો ફુંકાવાને કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

### વર્ષવાર 31મી જુલાઈ સુધીના વરસાદની આંકડાકીય માહિતી

| વર્ષ | વરસાદ (મીમીમાં) | વરસાદની ટકાવારી |
|---|---|---|
| 2026 | 1531 મીમી | 107% |
| 2025 | 1420 મીમી | 93.20% |
| 2024 | 1386 મીમી | 93.71% |
| 2023 | 1369 મીમી | 91.20% |
| 2022 | 944 મીમી | 63.48% |
| 202 | 704મીમી | 48.16% |
| 2020 | 289 મીમી | 20% |
| 2019 | 576 મીમી | 46.88% |
| 2018 | 1176 મીમી | 81.45% |
| 2017 | 663 મીમી | 46.29% |
| 2016 | 385 મીમી | 26.49% |
| 2015 | 485 મીમી | 33.84% |

### મહુવા-અનાવલ હાઇવે પર પૂરના પાણીમાં કાર તણાઈ

અનાવલ: અંબિકા તાલુકામાં પડેલા ભારે વરસાદને કારણે મહુવા-અનાવલ સ્ટેટ હાઇવે પર રવિવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. દિશા ઢોડિયા સમાજ ભવન નજીક નાળા પર પૂરના પાણી ફરી વળ્યા હોવા છતાં, કારચાલકે આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. પાણીના પ્રચંડ પ્રવાહ સામે સંતુલન ગુમાવતાં ફોર-વ્હીલર કાર વહેણમાં તણાવા લાગી હતી. કારમાં ફસાયેલા બે લોકોના જીવ જોખમમાં મુકાતાં, નજીકમાં હાજર સ્થાનિક યુવકોએ સમયસૂચકતા વાપરી પોતાની જાનના જોખમે પાણીમાં ઝંપલાવ્યું હતું. ભારે જહેમત બાદ યુવકોએ બંને મુસાફરોને સુરક્ષિત બહાર કાઢી મોટી જાનહાનિ અટકાવી હતી. ઘટનાની જાણ થતાં પોલીસ અને સ્થાનિક તંત્ર સ્થળ પર પહોંચી ગયું હતું. યુવકોની આ બહાદુરીના સમગ્ર વિસ્તારમાં વખાણ થઈ રહ્યા છે.

## હથોડા, વેલાછા, મોટી નરોલી, મોટા બોરસરા અને કુંવારદા પંથકમાં પૂરના પાણી ફરી વળ્યા



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ છેલ્લા બે દિવસથી પડેલા મુશળધાર વરસાદને કારણે કીમ નદી રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને બે કાંઠે વહેવા લાગી છે. નદી પૂરના પાણી હથોડા, વેલાછા, લિંબાડા, મોટી નરોલી, મોટા બોરસરા, કોઠવા, વાલેસા, શેઠી અને કુંવારદા સહિતના પંથકમાં ફરી વળ્યા છે.

ગામડાં અને નિચાણવાળા વિસ્તારના મકાનોમાં બેથી ત્રણ ફૂટ સુધી પાણી ભરાઈ જતાં સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પૂરની ગંભીર સ્થિતિ વચ્ચે હથોડા ગામની ભાગોળે આવેલી 'સત્યમ ઈન્ડસ્ટ્રિઝ'માં હજારો કામદારો ફસાયા હતા. સત્યમ ઈન્ડસ્ટ્રિઝની કેટલીક ફેક્ટરીમાં પાણી ઘૂસી જતાં નાનું-મોટું નુકસાન થયાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં જ સરકારી તંત્ર ત્વરિત હરકતમાં આવ્યું હતું અને ફસાયેલા કામદારો માટે ફૂડ પેકેટ સહિતની રાહત સામગ્રી પહોંચાડવાની કામગીરી શરૂ કરી હતી. હથોડા ગામમાં મોટા પ્રમાણમાં પૂરના પાણી ઘૂસી જતાં આમ જનતા ત્રાહિમામ પોકારી ઊઠી છે.

## સાયણમાં ફરી જળબંબાકારની સ્થિતિ





સાયણઃ ઓલપાડ તાલુકામાં બીજા દિવસે વધુ ૩ ઈંચ વરસાદ પડતાં સાયણમાંથી પસાર થતી ખાડીઓ ફરી ઓવરફ્લો થઈ છે. જેના કારણે સાયણ ટાઉનની પૂર્વ વિભાગની ગાયત્રી, મહાદેવ નગર, સોમનાથ તથા પ્રભુનગર સોસાયટીઓ સહિત પશ્ચિમ વિભાગની આર્દશ નગર-૧,૨,૩, જનતા નગર, કાશી ફળિયું, અંબિકા, સાફલ્ય, ગાયત્રી, કૈલાસનગર સોસાયટીઓ સહિત ડી.આર.જી.ડી. વિદ્યાલયમાં વરસાદી પાણીનો જમાવડો થયો છે. સાયણ ટાઉન માં છેલ્લા એક મહિનામાં ત્રીજીવાર વરસાદી પાણીનો ભરાવો થતાં લોકો વારંવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

જ્યારે પૂર અસરગ્રસ્ત પોતાનાં વાહનો પાર્ક કરવા સાયણ રેલવે બ્રિજ ઉપર સહારો લેવા મજબૂર બન્યા છે. હાલ સાયણ-શેખપુર રોડ, સાયણ ચાર રસ્તાથી સુગર તરફ જતો રોડ, સર્વિસ રોડ ઉપર વરસાદી પાણી ભરાતાં વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ઓલપાડ ટાઉનમાં નીચાણ વાળા વિસ્તારનાં આવાસોમાં પાણી ભરાતાં સરકારી તંત્રએ ૧૧૦થી વધુ પરિવારોનું સલામત સ્થળે સ્થળાંતર કર્યું છે.

### પાણી ફરી વળતાં ખાનપુર-ડુંગર રોડ બંધ કરાયો



વિશાલ પટેલ

કામરેજ: કામરેજ તાલુકામાં 2.28 ઈંચ વરસાદ વરસતાં ખાનપુરથી ડુંગર જતા રોડ પર પાણી ફરી વળ્યા હતા. ભારે વરસાદના લઈને કામરેજની વૈકુંઠધામ, વ્રજનંદની, ઓમનગર વિભાગ-1 અને 2 તેમજ ખાડી વિસ્તારની સોસાયટીમાં વરસાદી પાણી રસ્તા પર ભરાઈ ગયા હતા. પંચાયત દ્વારા અસરગ્રસ્ત લોકો માટે જમવાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. અલુરા ગામે પણ ટેકરી ફળિયામાં વરસાદી પાણી ભરાયા હતા.

### માંડવી પીઆઈએ બાળકને ખભા પર ઊંચકી પૂરના પાણીમાંથી ઉગાર્યાં



માંડવી: માંડવી તાલુકાના ફૂલવાડી, મોરીઠા અને અંધાત્રી જેવા નીચાણવાળા ગામોમાં પૂરના પાણી ભરાતા કટોકટીની સ્થિતિ સર્જાઈ હતી. પૂરની આ ગંભીરતા સમજી માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ જયેશ વળવી અને તેમની ટીમે રાહત-બચાવ કામગીરી હાથ ધરી હતી. પાણીના ભારે પ્રવાહ વચ્ચે પીઆઈ જયેશ વળવીએ નાનાં બાળકોને ખભા પર ઊંચકી સલામત સ્થળે ખસેડ્યા હતા. પોલીસે પૂરગ્રસ્તો માટે ત્વરિત ફૂડ પેકેટ્સની વ્યવસ્થા કરી હતી.

### માંડવીના ગોડધા વિયર પર 20 મીટર કોન્ક્રીટની દીવાલ ધરાશાયી

માંડવી: ગોડધા વિયર પર પાણીની પ્રચંડ આવક થતાં ૨૦ મીટર કોંક્રિટિંગ દીવાલ ધરાશાયી થઈ છે. ૧૯૫૯માં નિર્મિત આ વિયર પર વર્ષ-૨૦૦૦માં જળસંગ્રહ ક્ષમતા વધારવા ૧ મીટર વધારાનું કોંક્રિટિંગ કરાયું હતું, જેનાથી ૨૭ ગામના ખેડૂતોને સિંચાઈનો લાભ મળતો હતો. બીજી તરફ આમલી ડેમ ૧૧૨.૩૦ મીટરની સપાટી સાથે ૫૨% (૧૬.૭૦ MCM) ભરાયો છે. જ્યારે કાકરાપાર વિયરની સપાટી ૧૬૧.૪૦ ફૂટે પહોંચતા ૧ ફૂટ ઉપરથી તાપી નદીમાં પાણી વહી રહ્યું છે.

Milano MULTIPLEX
બારડોલી
Spider-Man:Brand New Day-2D 10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Hip Hip Hurray-Gujarati 02:00pm, 06:00pm
Maaran-Gujarati - 05:00pm
Bhai Tera Star Hai - 03:30pm
Dhamaal 4 - 11:00am, 09:00pm
Jan Neta - 12:00pm, 09:30pm,
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**વેચાણ અંગેની નોટિસ**

આથી લાગતાં વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટિસથી જણાવવાનું કે, જિલ્લા-સુરતના તાલુકા-પલસાણાના મોજે ગાંગપોર ગામમાં આવેલ ખેતીની જમીન જેનો બ્લોક નંબર- ૧૬૨, સર્વે નંબર-૨૦૧, જેનું ક્ષેત્રફળ હે-આરે-ચો.મી.૦-૨૮-૫૪ વાળી જમીનના માલિક/કબજેદાર તરીકે (૧) રતનબેન તે ભગુભાઈ રવજીભાઈની વિધવા (૨) રાજેશભાઈ ભગુભાઈ (૩) નયનાબેન ભગુભાઈ (૪) નીલાબેન ભગુભાઈ (૫) જ્યોત્સનાબેન ભગુભાઈ ના સંયુકત નામે રેકર્ડ દફતરે માલિકી કબ્જા ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું તથા ટાઇટલ કલીયર હોવાનું જણાવી, હમારા અસીલને સદર જમીનની કીમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કરેલ છે.

ઉપરોક્ત જમીન બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઇસમોનો કબજો-ભોગવટો કાયદેસરના હક્ક-હિત-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, હિત-સંબંધ, ઈઝમેન્ટ કે તે મતલબના સાટાખત, બાનાખત, સંમતી પત્રક, કબૂલાત, સોદાચિઠ્ઠી, બાહેંધરી, ગીરોખત વિગેરે પ્રકારના કોઈ લખાણો હોય તો તે આ નોટિસ પ્રસિધ્ધ થયેલી દિન-૦૭ માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજૂઆતો હમારા અસીલ તરફે અને વતી હમોને કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો મુદત વિત્યે સદરહુ ખેડખાતાની જમીનમાં કોઈના કોઈ પણ પ્રકારના કોઈ લખાણો/હક્કો નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે, ''વેઇવ'' કર્યા છે તેમ માની ઉપરોક્ત જમીનના માલિકો હમારા અસીલને રજી. વેચાણ દસ્તાવેજ કરી આપશે અને તે અંગે ભવિષયમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા-હરકત હમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સ્પષ્ટ કાયદેસરની નોંધ લેવા વિનંતી.

તા. ૦૧/૦૮/૨૦૨૬ હમારા અસીલની સૂચનાથી

**રાજુ સી. પટેલ (એડવોકેટ)**

૬, સીતારામ નગર, છાપરા, તા. નવસારી, જી.-નવસારી મોબાઇલ નં.- ૯૮૨૫૭૦૪૩૮૧

**મહે.માંડવીના પ્રિન્સીપાલ.સીનીયર સિવિલ જજ અને એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં મું-માંડવી.**

ફોજદારી પરચુ.અ.ન.-૯૬/૨૦૨૬ આંક-૪

અરજદાર :- દિવ્યાકુમારી બાલુભાઇ પટેલ

વિરૂધ્ધ

સામાવાળા :- (૧) પ્રિન્સિપાલ સાહેબશ્રી ધી માંડવી હાઇસ્કુલ માંડવી તા.માંડવી જિ.સુરત
(૨) તલાટી કમ મંત્રીશ્રી ગોદાવાડી ગ્રામપંચાયત, ગોદાવાડી તા.માંડવી જિ.સુરત
(૩) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, સુરત બીજો માળ જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ,સુરત

- જા હે ર નો ટી સ -

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારનો જન્મ તા.૦૫-૦૧-૧૯૯૮ ના રોજ મોજે ગોદાવાડી તા.માંડવી, જી. સુરત મુકામે થયેલ. જેની નોંધણી રજીસ્ટ્રાર ગોદાવાડી ગ્રામપંચાયત ખાતે ક્રમાંક નં.૦૮ તા.૧૩/૦૧/૧૯૯૮ થી થયેલ છે પરંતુ અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં તા.૦૫-૦૧-૧૯૯૭ જણાવવામાં આવેલી છે. જેથી અરજદારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં સુધારો કરવા હાલની અરજી અત્રેની કોર્ટમાં આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તા.૩૧-૦૮-૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૩૦ વાગ્યે રાખવામા આવેલ છે. જે કોઇ ઇસમ તથા સરકારી, અર્ધ સરકારી, પેઢી, મંડળી, વ્યકિત, કંપની, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધો હોય તો જાતે અગર યોગ્ય માહીતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામા કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામા આવશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૯ મી જુલાઇ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| (કે.બી.ગામીત) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ,માંડવી | (ડી.જી.પટેલ) બેન્ચ કલાર્ક સીવીલ કોર્ટ,માંડવી | કોર્ટનો સિક્કો | (આર.કે.પરમાર) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ,માંડવી |

**જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**

કેસ નં.૩૪૨/૨૦૨૬

અરજદાર : નામ:- દેવેન્દ્રભાઈ સિધ્ધનાથ શાહ, રહે:- કુકરમુંડા તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:- રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી રહે:-ગ્રામ પંચાયત, ફુલવાડી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, ગોરધનદાસ કલ્યાણદાસ શાહનો મરણ તા.૧૪/૦૮/૧૯૭૩ ના રોજ મોજે.કુકરમુંડા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી કચેરી ગ્રામ પંચાયત, ફુલવાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો હુકમથી (કલ્પેશ ડી.પટેલ) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

**જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**

કેસ નં.૩૪૩/૨૦૨૬

અરજદાર : નામ:- દેવેન્દ્રભાઈ સિધ્ધનાથ શાહ, રહે:- કુકરમુંડા તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:- રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી રહે:-ગ્રામ પંચાયત, ફુલવાડી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, ગોવિંદદાસ કલ્યાણદાસ શાહનો મરણ તા.૧૦/૧૦/૧૯૮૧ ના રોજ મોજે.કુકરમુંડા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી કચેરી ગ્રામ પંચાયત, ફુલવાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો હુકમથી (કલ્પેશ ડી.પટેલ) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૨૮૫/૨૦૨૬
તા.૦૭/૦૭/૨૦૨૬

વાદી :- મોહમદ અસલમ ઈબ્રાહીમ મિરઝા, એ.મદ્રેસા રો હાઉસ નં.૩, સીટી સર્વે ઓફીસ પાછળ જુના કોસંબા, કોસંબા, જી.સુરત-૩૯૪૧૨૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- (૧) મામલતદારશ્રી માંગરોળ, તા.માંગરોળ, જી.સુરત, (૨) જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી દિણોદ ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૫

વિષય:-જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મોહમદ અસલમ ઈબ્રાહીમ મિરઝા, રહે.મદ્રેસા રો હાઉસ નં.૩, સીટી સર્વે ઓફીસ પાછળ જુના કોસંબા, કોસંબા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦એ તેઓના નાની મદિનાબીબી મહમદકરીમ પઠાણનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મદિનાબીબી મહમદકરીમ પઠાણ, ૨. મરણ તારીખ: ૧૯/૦૬/૧૯૫૨ ૩. મરણનું સ્થળ: મોજે.દિણોદ, તા.માંગરોળ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મદિનાબીબી મહમદકરીમ પઠાણના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અંત્રેની કોટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૭/૦૯/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો હુકમથી (કૌશિક જાદવ) સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**

કેસ નં.૩૪૧/૨૦૨૬

અરજદાર : નામ:- દેવેન્દ્રભાઈ સિધ્ધનાથ શાહ, રહે:- કુકરમુંડા તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:- રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી રહે:-ગ્રામ પંચાયત, ફુલવાડી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, સેવંતીબેન ગોરધનદાસ શાહનો મરણ તા.૦૫/૧૧/૧૯૮૨ ના રોજ મોજે.કુકરમુંડા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી કચેરી ગ્રામ પંચાયત, ફુલવાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો હુકમથી (કલ્પેશ ડી.પટેલ) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

**જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**

કેસ નં.૩૪૪/૨૦૨૬

અરજદાર : નામ:- દેવેન્દ્રભાઈ સિધ્ધનાથ શાહ, રહે:- કુકરમુંડા તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:- રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી રહે:-ગ્રામ પંચાયત, ફુલવાડી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, વેલકોરબા ગોવિંદદાસ શાહનો મરણ તા.૧૫/૦૫/૧૯૭૫ ના રોજ મોજે.કુકરમુંડા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી કચેરી ગ્રામ પંચાયત, ફુલવાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો હુકમથી (કલ્પેશ ડી.પટેલ) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી